નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–સી, ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૬૦૯૩૩/૨૦૨૬, **પ્રોહી એકટની કલમ–૬૫એઈ,૧૧૬(બી),૯૮(૨),૮૧** મુજબ ના ગુનાના કામે **આરોપી અર્જુન ગોવિંદરામ ગોદારા** નાઓની જામીન અરજી લગત હુકમ.

-----------------------------------------

**૦૧.** હાલની આ અરજી નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–સી, ગુ.રજી.નં.૧૧ ૮૨૨૦૨૧૨૬૦૯૩૩/૨૦૨૬, પ્રોહી એકટની કલમ–૬૫એઈ,૧૧૬(બી), ૯૮ (૨), ૮૧ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત થવા કરેલ છે. અરજી લગત આરોપીના વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**૦૨.** આરોપી તર્ફે વિ.વકીલશ્રી તેમની મૌખિક દલીલમાં અરજીની વિગતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જામીન મુકત થવાના મહત્વના કારણોમાં જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે. સદર ગુનામાં તેઓનો સીધો કે આડકતરો કોઈ રોલ નથી અને તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે. આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપી કલીનર તરીકે કામ કરી પોતાનું તથા પરીવાર નું ગુજરાન ચલાવે છે. અરજદાર સિવાય ઘરમા કમાનાર બીજુ કોઈ વ્યકિત નથી, ઘરની તમામ જવારદારી તેના શીરે છે. અરજદાર અરજીમાં જણાવેલ સરનામે કાયમી રહેતા આવેલા છે, નાશી ભાગી જાય તેમ નથી કે સાક્ષી ટેમ્પર કરનાર નથી. નામ.અદાલત ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા તૈયાર તથા ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૦૩.** ઉપરોકત આરોપીપક્ષની રજુ દલીલ તથા કેસની હકિકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ કલમ–૬૫એઈ,

૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબના ગુનાનો આક્ષેપ છે. જામીન મુકત કરવાની સત્તા તે અદાલતની મનસુફીની (વિવેકાધિન) સત્તા રહેલ છે. અદાલતે તેવી સત્તાનો મનસ્વીપણે નહી પરંતુ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદા માં રહીને ઉપયોગ કરવાની છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જામીન અંગેના નિર્ણય હેતુ મહત્વના પાસા જેવા કે, આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ તથા ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેમજ ફરીયાદી, સાહેદો ઉપર થનાર અસર, આરોપીનો ભુતકાળ, આરોપીની તપાસ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી વિગેરે મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી હનુમાનરામ બિશ્નોઈ તથા હાલનો આરોપી કલીનર અર્જુન ગોવિંદરામ ગોદારાનાઓ પોતાના કબજાના ટાટા કંપનીના ખુલ્લી બોડીવાળા ટ્રેલર રજી. નં. RJ-19-GE-9179 માં ૬૩૫ પુંઠાના બોક્ષોમાં ભારતીય બનાવટના વિદેશી દારુ વોડકા ની પ્લા.ની નાની બોટલો **કુલ નંગ-૩૦,૪૮૦ જેની કિ.રૂા.૬૦,૯૬,૦૦૦/-** નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે પોતાના આર્થિક ફાયદા સારુ વહન કરી લઈ આવતા પકડાઈ ગયેલ હોવાનો આક્ષેપ છે. આમ, હાલના આરોપી ની સદર ગુનામાં સીધી જ સંડોવણી છે. ગુનાની તપાસ હજી ચાલુ છે અને અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. વધુમા આરોપી રાજસ્થાનનો રહીશ છે, જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે નાશી ભાગી જાય તથા ટ્રાયલ દરમ્યાન હાજર રહે નહી તેવી શકયતા પણ રહેલી છે. હાલમાં આવા ગુનાઓનુ પ્રમાણ સમાજમાં વધતુ જાય છે. જેથી આરોપીને જામીન મુકત કરવામા આવે તો તેની વિપરિત અસર સમાજ ઉપર પડે તેમ છે. જેથી આક્ષેપિત ગુનાની વિગતો ધ્યાને લેતા તેમજ ગુનાની ગંભીરતા, કેસના સંજોગો પકડાયેલ પ્રોહી મુદ્દામાલનો જથ્થો અને તેની કિમત વિગેરે હકીકતો ધ્યાને

લેતાં આરોપીને જામીન મુકત કરવો ન્યાયોચિત જણાતુ ન હોય સબબ આ અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આથી, આરોપીની જામીન મુકત થવાની આ અરજી **નામંજૂર યાને રદ** કરવામાં આવે છે.

તા. ૦૩/૦૬/૨૦૨૬
નવસારી.

**સહી/–**
**(બી.કે.શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નવસારી. જીજે.૦૧૪૭૭